॥ श्री शंखेश्वर पार्श्वनाथाय नमः ॥

શ્રીજિનકૃપા ચેરિટેબલ ટ્રસ્ટ પ્રકાશિત

# ગુડ મોર્નિંગ ન્યુઝ

વર્ષ-૧, અંક - ૨ જેઠ સુદ-૭, ૨૦૬૯ તા. ૧૬-૬-૧૩

## आज्ञा गुरूणामविचारणीया ॥

શિષ્યના માથે બહુ મોટી જવાબદારી છે...
ગુરુની આજ્ઞાને વહન કરવાની.
ગુરુની પ્રત્યેક આજ્ઞા
એને માટે અવિચારણીય છે,
અનુલ્લંઘનીય છે.
આંખ મીંચીને ગુરુની આજ્ઞા સ્વીકારી લેવાની.
નાની કે મોટી,
કોઈ પણ જાતની આજ્ઞા થાય
ત્યારે એના મનમાં એક જ ભાવ રમતો હોય,
गुरोराज्ञा बलीयसी.
ગુરુની આજ્ઞાથી વધુ બળવાન
બીજી કોઈ ચીજ નથી.
પણ આવી ભાવના એવા જ આત્માને થાય...
જેને ગુરુઆજ્ઞાના પાલનમાં
પોતાનું હિત સમાયેલું દેખાય,
અને ગુરુઆજ્ઞાના ઉલ્લંઘનમાં
પોતાનું અહિત છૂપાયેલું દેખાય.
ગુરુઆજ્ઞાના પાલનથી
ધર્મરુચિ અણગાર સદ્‌ગતિને પામ્યા
અને
ગુરુ આજ્ઞાના ઉલ્લંઘનથી
કુલવાલક મુનિનું પતન થયું.
ઇતિહાસ આવા અનેક પ્રસંગોનો સાક્ષી છે.

## दुष्टस्य दण्डः सुजनस्य सेवा ॥

ભારત દેશનો એક
ગૌરવવંતો ભૂતકાળ હતો.
અહીં દુષ્ટાત્માઓને દંડ થતો,
તથા સજ્જનોની પ્રશંસા થતી.
દુષ્ટને દંડ ફટકારતી વખતે
એના પ્રત્યે હૃદયમાં દ્વેષભાવ ન રહેતો.
એના ભાવી હિત ખાતર જ
એને દંડ કરાતો.
ભવિષ્યમાં પોતે અપરાધ કરતો અટકે,
અને એને અપાયેલા દંડને જોઈને
બીજાને પણ અપરાધ કરવાનું મન ન થાય.
સાથે સાથે
સજ્જનોનું બહુમાન થતું.
એની પાછળ પોતાની વાહવાહ કરાવવાનો
આશય ન હતો.
સારાં કાર્યો કરવાની પ્રેરણા મળે
એવી શુભભાવના
આવા બહુમાન પાછળ હતી.
આ તો ભૂતકાળની વાત થઈ.
આજે તો કાળ બદલાયો છે.
દુર્જનો સેવા લ્યે છે, મેવા ઉડાવે છે
અને સજ્જનોને સહન કરવું પડે છે.

- ક્વોલિટી



# મોrninગ ટોક

– પં. શ્રી મહાબોધિ વિ. ગણિવર

તું શું માસખમણ કરવાનો ? તું શું ૯૦% લાવવાનો ?

તારા લખ્ખણ નથી દેખાતા કે તું ૫ (પાંચ) ગાથા પણ ગોખી શકે !

જરા અરીસામાં મોંઢું જો... મોટો કમાવા નીકળ્યો છે !

તું શું દીક્ષા લેવાનો ? તારા કાંઇ લખ્ખણ છે ?

આ અને આવા સંવાદો વડીલો તરફથી ક્યારેક યુવાનોને કે ઉગતી પ્રતિભાઓને સાંભળવા મળે છે. જેને લીધે તેઓ હતાશ અને નિરાશ થઈ જાય છે.

આવા ભાંગી પડેલા યુવાનોને મારે કહેવું છે : ખાલી વડીલો જ નહિ... આખો પરિવાર, આખો દેશ, અરે ! આખી દુનિયા કદાચ તમારા માટે નેગેટિવ વિચારે... તો ય તમે પોઝિટીવ રહેજો. તમારા મનમાં ક્યારેક નકારાત્મકતાને પ્રવેશ કરવા જ નહિ દેતા. જ્યારે જ્યારે નિરાશાનો સૂર સંભળાય... ત્યારે ત્યારે પેલા દેડકાને યાદ કરજો.

એક કુવામાં કેટલાક દેડકાઓ હતા. બંધીયાર કુવાથી કંટાળીને એમાંના કેટલાક દેડકાઓ બહાર નીકળવા માંગતા હતા. એ માટે તેઓ ઊંચા કુદકાઓ લગાવતા હતા. એક જ કુદકામાં તેઓ બહાર નીકળી શકે તેમ ન હતા તેથી વારંવાર તેઓ કુદકા લગાવતા અને વારે-વારે નીચે પડતા. આ દૃશ્ય જોઈને પાણીમાં શાંતિથી બેઠેલા કેટલાક ઘરડા દેડકાઓ તેમનો ઉત્સાહ વધારવાને બદલે મોટે મોટેથી બૂમો પાડી રહ્યા હતા... ઇંપોસિબલ... ઇંપોસિબલ...

આ સાંભળીને ઘણા દેડકાઓ શાંત થઈને પાછા પોતાના સ્થાને બેસી ગયા. એમને થયું... નક્કી આપણે કુદકો નહિ જ લગાવી શકીએ, જો આ લોકો આટલા વર્ષોથી આ કુવામાં હોવા છતાં નથી લગાવી શક્યા તો આપણે ક્યાંથી લગાવી શકશું?

પણ આશ્ચર્ય ! આ બધા દેડકામાંથી એક દેડકો એક દિવસ કુદકો મારીને બહાર નીકળી ગયો. બધા વિચારમાં પડી ગયા. ઘરડાઓને આમાં પોતાનું અપમાન જણાયું. તો યુવાન દેડકાઓનું મોઢું શરમથી નીચે ઝુકી ગયું. બધાય ભેગા મળીને આ દેડકાના સાહસ અને સફળતાનું કારણ શું એ વિચારવા લાગ્યા. વિચારણાના અંતે કારણ મળી ગયું. કારણ એ હતું કે એ બહેરો હતો. એને ઇંપોસિબલ શબ્દ જ સંભળાતો ન હતો.

તાત્પર્ય એટલું જ કે – બીજાની નકારાત્મકતાને સાંભળવા તમે જો બહેરા બની જશો... તો તમે ક્યારેય નિરાશ નહિ બનો.

# મોrningગ સ્ટોરી



એક શ્રીમંત માણસે ફરવા કાર, ઉડવા પ્લેન અને તરવા પોતાની બોટ વસાવેલી. એક દિવસ એને દરિયો ખુંદવાનું મન થયું. પોતાની બોટ લઇને નીકળી પડ્યો ફરવા. જ્યાં મધદરિયે પહોંચ્યો ત્યાં દરિયામાં તોફાન આવ્યું. બોટ ડૂબવા લાગી. બચવાની કોઇ શક્યતા ન દેખાતા એણે લાઇફ જેકેટ પહેરીને દરિયામાં પડતું મૂક્યું.

એની બોટ ડૂબી ગઈ. એ બચી ગયો. તોફાન શાંત થઇ ગયું. એ તરતો તરતો એક ટાપુ પર પહોંચી ગયો. ચારે બાજુ ઘૂઘવતા દરિયા સિવાય બીજું કાંઇ જ દેખાતું ન હતું. શ્રીમંતને વિચાર આવ્યો : મેં મારી જિંદગીમાં કોઇનું કાંઇ બગાડ્યું નથી તો મારી આવી હાલત શા માટે ? એના અંતઃકરણે એને જવાબ આપ્યો : જે ઈશ્વરે તને બચાવ્યો છે, એ જ ઈશ્વર આ પરિસ્થિતિમાંથી પણ રસ્તો કાઢી આપશે.

દિવસો પસાર થવા લાગ્યા. મહિનાઓ સુધી આ ટાપુમાંથી બહાર નીકળવાનો માર્ગ ન દેખાતા એની ઈશ્વર પરની શ્રદ્ધા તૂટવા લાગી.

ગાંડાની જેમ આમ-તેમ ભટકતા આ શ્રીમંતને થયું : હવે જો મારે અહીં જ રહેવાનું છે... તો નાનું શું એક ઝૂંપડું બનાવી લઉં. ચારે બાજુથી ઝાડની ડાળી, પાંદડા વગેરે વીણીને એક સરસ ઝૂંપડું બનાવી લીધું. રાત પડી. એને થયું : હાશ, આજે ઘણા વખતે પહેલી વાર શાંતિથી સૂવા મળશે. હવે ખુલ્લામાં સૂવાની જરૂર નહિ પડે.

પોતાના ઝૂંપડામાં એણે લંબાવ્યું. ત્યાં તો અચાનક વાતાવરણ બદલાયું. આકાશમાં વીજળીના કડાકા-ભડાકા થવા લાગ્યા. ગભરાઈને એ ઝૂપડાંમાંથી બહાર આવ્યો... ત્યાં એક વીજળી ઝૂંપડા પર પડી. ઝૂંપડું બળીને ખાખ થઈ ગયું. હવે આ માણસે ઈશ્વરને ગાળો ચોપડાવવાની ચાલુ કરી. તું ઈશ્વર નહિ, રાક્ષસ છો. તારામાં દયાનો છાંટો નથી વગેરે...

એટલામાં બે માણસ સામેથી આવતા દેખાયા. શ્રીમંત કંઈ પૂછવા જાય... એ પહેલા તો બંને જણા નજીક આવીને બોલ્યા : સારું કર્યું, તમે ઝૂપડું સળગાવ્યું; તો અમને ખબર પડી કે અહીં કોઇ ફસાયું છે. ચાલો, તમે અમારી બોટમાં બેસી જાવ. અમે તમારા ગામ સુધી તમને પહોંચાડી દઈશું.

આ શ્રીમંત તો આ સાંભળતા જ ધરતી પર ફસડાઇ પડ્યો. એની આંખોમાંથી બોર બોર જેટલા આંસુ પડવા લાગ્યા. એણે બે હાથ ઊંચા કરી ઈશ્વરને કહ્યું : હે પ્રભુ ! મને શું ખબર કે તેં મને બચાવવા માટે મારું ઝૂપડું સળગાવેલું.

હું તારો પાડ – ઉપકાર ક્યારેય નહિ ભૂલું.

હેલન કેલરની વાત યાદ આવે છે : ઈશ્વર સુખનું એક બારણું બંધ કરીને બીજા અનેક બારણાઓ ખોલી દે છે. પણ આપણે મોટા ભાગે બંધ થઈ ગયેલાં સુખનાં બારણાં તરફ જ જોઈને બેસી રહીએ છીએ.

- પં. શ્રી મહાબોધિ વિ. ગણિવર



# મોrninગ વિહાર

સંકલન : વિપુલભાઈ-વલસાડ
(મો.) ૯૮૯૮૭૮૦૮૯૭

## વિહાર સેવા ગૃપ સંમેલન પ્રવચન

શુભ દિન : ભાદરવા વદ/૭/રવિવાર/૭-૧૦-૨૦૧૨

### પૂ. ગચ્છાધિપતિ શ્રી જયઘોષસૂરિ મહારાજ

સહન કરવું એ સાધુનો ધર્મ છે તો સાધુભગવંતને સહાય કરવી એ શ્રાવકનો ધર્મ છે. જેમ બિમાર સાધુ/સાધ્વીની સેવા કરવી જોઈએ. એમ વિહાર કરતા સાધુ/સાધ્વીની સેવા/સુરક્ષા કરવી એ પ્રત્યેક શ્રાવકની ફરજ છે.

તમે સહુ વહેલી સવારે ઉઠીને નિ:સ્વાર્થભાવે સાધુ/સાધ્વીજીની સાથે વિહારમાં સામે ગામ સુધી વળાવવા જાવ છો, એથી કર્મની અદ્‌ભુત નિર્જરા કરો છો. વિહારમાં સેવા આપવાનો વારો કદાચ અઠવાડિયે – પંદર દિવસે એક વખત આવતો હશે. પણ મારે સાધુભગવંતો સાથે વિહાર કરવો છે, એવો સંકલ્પ તમને રોજ વિહાર કરવા જેટલું જ પુણ્ય બંધાવે છે. એક વાત ખાસ ધ્યાનમાં રાખજો. ક્યારેક એક સાથે ચાર વિહાર હોય, અને તમારી પાસે વિહાર કરનારી ટીમ ત્રણ હોય તો સાધુભગવંતનો વિહાર ગૌણ કરીને પણ સાધ્વીજી ભગવંતના વિહારમાં જરૂર સાથે રહેજો.

### પૂ. આચાર્યદેવ શ્રીજયસુંદરસૂરિ મહારાજ

આહાર અને નિહાર (મળ વિસર્જન) એ પ્રત્યેક માનવીનું જેમ આવશ્યક કર્તવ્ય છે તેમ પ્રત્યેક શ્રાવકોનું ગુરુભગવંતો સાથે વિહાર એ આજના કાળનું આવશ્યક – અતિઆવશ્યક કર્તવ્ય બની ગયું છે.

નૌકાવિહારમાં પણ વિહાર શબ્દ વપરાયો છે, પણ અહીં ગુરુભગવંતો સાથે પગે ચાલીને જવું એ અર્થમાં વિહાર શબ્દ અપેક્ષિત છે.

ગુરુભગવંતો સાથે વિહાર કરવાથી દેખીતી રીતે એક ગામથી બીજે ગામ સુધી તમે પહોંચતા હો છો... પણ વસ્તુત: સંસારના એક છેડેથી મોક્ષના બીજા છેડા સુધી તમારું પ્રયાણ થતું હોય છે.

છેલ્લા છ મહિનામાં સ્થપાયેલા વાપી, વલસાડ અને નવસારીના વિહાર સેવા ગૃપના યુવાનોએ **પંન્યાસ શ્રી મહાબોધિ વિ મહારાજ**ની પ્રેરણાથી અદ્‌ભુત કાર્ય કર્યું છે. એ તમામ યુવાનોની અંતરથી અનુમોદના. હવે સૂરતના યુવાનો પણ આવતા વર્ષથી આવી રીતે સેવા આપતા થઈ જાય એ જ મંગળ કામના.

# ગુજરાત-મહારાષ્ટ્રમાં સક્રિય બની ગયેલા વિહાર સેવા ગ્રુપના સેન્ટર

| સ્થળ / કેપ્ટન | મોબાઈલ નંબર |
|---|---|
| • **ભિવંડી : (M.S.)** | |
| હસમુખભાઈ | ૯૮૨૨૪૭૬૯૪૨ |
| શ્રેણિકભાઈ | ૯૧૫૮૬૫૨૦૦૦ |
| • **મુલુંડ : (મુંબઈ)** | |
| તરૂણભાઈ | ૯૩૨૧૧૩૯૪૨૭ |
| વિજયભાઈ | ૯૩૨૩૯૮૦૪૦૪ |
| અમરીશભાઈ | ૯૩૨૧૧૧૬૪૪૧ |
| જિજ્ઞેશભાઈ | ૯૩૨૧૧૨૧૯૨૭ |
| • **વાપી : (G.I.D.C.)** | |
| હરેશભાઈ | ૯૩૭૫૯૩૧૮૫૫ |
| પરેશભાઈ | ૯૪૨૬૧૫૫૨૦૦ |
| • **વલસાડ :** | |
| નિતિનભાઈ | ૯૩૭૬૬૩૫૨૧૭ |
| વિપુલભાઈ | ૯૮૯૮૭૮૦૮૯૭ |
| • **નવસારી :** | |
| હેમેન્દ્રભાઈ | ૯૮૨૫૩૯૩૨૩૭ |
| મનીષભાઈ | ૯૪૨૮૧૪૦૦૦૦ |
| દિવ્યેશભાઈ | ૯૮૨૫૮૮૦૫૨૩ |
| • **સુરત :** | |
| ડૉ. સંજયભાઈ | ૯૮૨૫૧૨૧૪૫૫ |
| યોગેશ જૈન | ૯૮૨૫૧૪૨૧૮૬ |
| • **બીલીમોરા :** | |
| ગલુભાઈ | ૯૮૨૫૧૩૬૦૭૩ |
| • **બારડોલી : (સ્ટેશન)** | |
| મહાવીરભાઈ | ૯૯૨૪૨૫૫૯૯૯ |
| જિનેશભાઈ | ૯૮૯૮૬૭૬૭૪૫ |
| સંદીપભાઈ | ૯૯૦૯૦૦૨૬૯૫ |
| • **બારડોલી : (ગામ)** | |
| ભાવેશભાઈ | ૯૪૨૭૧૭૭૭૬૬ |
| પીનલભાઈ | ૯૮૨૫૨૮૧૪૯૯ |
| • **મઢી :** | |
| શૈલેષભાઈ | ૯૯૧૩૯૬૫૯૦૨ |
| રાકેશભાઈ | ૯૪૨૭૧૬૮૧૯૩ |
| • **માંડવી :** | |
| વિજયભાઈ | ૯૮૭૯૫૩૦૬૮૯ |
| સમીરભાઈ | ૯૮૨૫૨૭૫૫૭૬ |
| • **કડોદ :** | |
| પરેશભાઈ | ૯૮૨૫૭૨૮૧૧૯ |
| સંકેતભાઈ | ૯૯૧૩૨૨૮૬૬૦ |

| સ્થળ / કેપ્ટન | મોબાઈલ નંબર |
|---|---|
| • **નંદુરબાર (M.S.)** | |
| નેમિચંદભાઈ | ૯૪૨૨૨૮૯૫૮૪ |
| • **નેત્રંગ :** | |
| વિજય શાહ | ૯૦૯૦૩૬૬૫૫ |
| • **વાલીયા :** | |
| હિતેશભાઈ | ૯૮૨૪૪૩૩૯૮૦ |
| • **પણસોલી :** | |
| સંદીપભાઈ | ૯૦૯૯૯૨૭૯૫૧ |
| • **ભરૂચ :** | |
| રૂચિતભાઈ | ૯૯૧૩૮૬૩૭૨૭ |
| કિશોરભાઈ | ૯૪૨૮૧૭૫૬૩૫ |
| • **માસર રોડ :** | |
| મોન્ટુભાઈ | ૯૯૦૯૯૭૩૨૫૬ |
| • **આમોદ :** | |
| ભરતભાઈ | ૯૪૨૯૬૭૩૩૫૧ |
| • **વડોદરા :** | |
| દિવ્યેશભાઈ | ૯૮૨૪૦૫૧૦૧૨ |
| રોશનભાઈ | ૯૮૨૪૦૯૪૮૮૨ |
| • **આંકલાવ :** | |
| કમલેશ ગાંધી | ૯૯૨૫૬૯૯૧૯૪ |
| હરેશ શાહ | ૯૯૭૯૮૫૨૯૧૯ |
| • **આણંદ :** | |
| નિતિનભાઈ | ૯૮૨૫૦૩૦૮૨૫ |
| હર્ષદભાઈ | ૯૮૨૫૧૮૭૭૬૨ |
| દિપેશભાઈ | ૯૭૧૨૭૪૫૧૮૮ |
| • **નડિયાદ :** | |
| જિજ્ઞેશ | ૯૪૨૮૪૩૬૧૩૫ |
| • **ઉદવાડા :** | |
| બિપીનભાઈ | ૯૩૨૭૬૭૭૨૬૧ |
| • **પેટલાદ :** | |
| હેતલભાઈ | ૯૪૨૭૩૮૭૦૭૦ |
| • **વિલેપાર્લા :** | |
| રૂપેશ ગાલા | ૯૮૯૨૩૫૫૦૧૬ |
| • **ડોંબીવલી :** | |
| અજય | ૯૨૨૪૪૫૦૯૧૮ |
| • **કરજણ :** | |
| પંકજભાઇ | ૯૮૯૮૨૭૦૮૨૭ |
| ભૂપેન્દ્રભાઇ | ૯૮૯૮૬૩૪૨૩૩ |
| હરેશભાઇ | ૭૮૦૧૯૩૦૪૦૦ |
| સુમિતભાઇ | ૯૭૨૪૨૪૬૪૬૪ |



# મોર્નિંગ પાઠશાળા

સંકલન :
જીતુભાઇ સર – મુલુંડ
(મો.) ૦૯૨૨૪૩૬૦૧૮૩

પરમાત્માના શાસનમાં ઠેર ઠેર જ્ઞાનનો મહિમા ગવાયો છે.

શ્રી દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે :

पढमं नाणं तओ दया । પ્રથમ જ્ઞાન જોઈએ, પછી જ સાચી દયા પાળી શકાય છે.

सज्झायसमो तवो णत्थि । બાર પ્રકારના તપ બતાવ્યા છે, તેમાં સ્વાધ્યાય જેવો કોઈ તપ નથી.

**જ્ઞાની શ્વાસોચ્છ્વાસમાં કરે કર્મનો છેહ, અજ્ઞાની ભવકોડ લગી કર્મ ખપાવે તેહ.**

જ્ઞાની આત્મા એક શ્વાસોચ્છ્વાસમાં જેટલા કર્મ ખપાવે છે, એટલા અજ્ઞાની માણસ કરોડો ભવો સુધી સાધના કરવા છતાં ખપાવી શકતો નથી.

આ અને આવા ઢગલાબંધ પાઠો શાસ્ત્રમાં જોવા મળે છે. દરેકનો સાર એક જ છે... જીવનમાં જ્ઞાન–સમ્યગ્જ્ઞાન અતિ મહત્ત્વનું છે.

આ વાત શાસ્ત્રમાં કહી છે... માટે માની લેવું એમ નહિ સમજતા. આપણો અનુભવ પણ આ જ વાત કરે છે. ચૈત્યવંદન, ગુરુવંદન કે પ્રતિક્રમણ આદિ જે ક્રિયાનું આપણને જ્ઞાન છે એ ક્રિયા કરતા આપણને ભાવ આવે છે, આનંદ આવે છે. જ્યારે એ ક્રિયાનું, ક્રિયા કરવાના કારણોનું કે ક્રિયામાં બોલાતા સૂત્રોના અર્થનું જ્ઞાન ન હોય તો આપણા માટે એ ક્રિયા વેઠ અને નીરસ બની જાય છે.

કવિઓએ તો ત્યાં સુધી લખી દીધું છે... **'જ્ઞાન વિના પશુ સારિખા'**

જેની પાસે જ્ઞાન નથી – એનામાં અને પશુમાં કોઈ ફરક નથી. ટૂંકમાં એ આત્મા પશુતુલ્ય છે. માનવમાં અને પશુમાં ફરક પાડનારું કોઈ મુખ્ય તત્ત્વ હોય તો તે જ્ઞાન છે.

આવા જ્ઞાનની પ્રાપ્તિ માટે વર્તમાનકાળમાં જે કોઈ શ્રેષ્ઠ માધ્યમ હોય તો તે છે પાઠશાળા. જૈન સંઘોમાં બાળકો માટે સાંજની પાઠશાળા લગભગ સર્વત્ર ચાલે છે, બપોરના સમયે બહેનો માટે પણ પાઠશાળાઓ ચાલતી હોય છે. એક નથી ચાલતી ભાઈઓની પાઠશાળા. ધંધા વગેરેની જવાબદારીને લીધે એમને ભણવા માટેનો શ્રેષ્ઠ સમય સવારનો છે. આ સમયને લક્ષ્યમાં રાખીને શરૂ થઈ મોર્નિંગ પાઠશાળા. પૂ. ગચ્છાધિપતિશ્રી જયઘોષસૂ.મ.ના શુભ આશીર્વાદ અને પૂ.પંન્યાસશ્રી મહાબોધિવિ.મ.ની શુભપ્રેરણાથી છેલ્લા ૫ વર્ષમાં ચાર મોર્નિંગ પાઠશાળા સક્રિય છે. ૧) ઘાટકોપર ઈસ્ટ (૬૦ ફીટ રોડ), ૨) ભિવંડી (ગોકુલનગર), ૩) મુલુંડ વેસ્ટ (ઝવેરરોડ), ૪) સૂરત (ઉમરા)

રોજ સવારે ૬.૧૫ થી ૭.૩૦ સુધી ચાલતી આ પાઠશાળામાં પ્રથમ પોણો કલાક વિદ્યાર્થીએ મૂળ સૂત્રો કંઠસ્થ કરવાના હોય છે. નવકારમંત્રથી અરિહંત ચેઈયાણં (૨૦ સૂત્ર) એ આ પાઠશાળાનું ટાર્ગેટ છે. પછીના અડધા કલાકમાં સૂત્રના અર્થ, મુદ્રા, ઉચ્ચાર, રહસ્ય સમજાવવામાં આવે છે.

સોમથી શનિ આ રીતે કાર્યક્રમ ચાલે છે. રવિવારે રજા હોય છે. અઠવાડિયે – પંદર દિવસે અનુકૂળતા અનુસાર અષ્ટપ્રકારી પૂજા, સમૂહ સામાયિક, જિનાલય–ઉપાશ્રય શુદ્ધિ, પ્રતિક્રમણ, ચૈત્યપરિપાટી, સંધ્યાભક્તિ, સરસ્વતી આરાધના, નવકારમંત્ર જાપ, પૌષધ જેવા વિવિધ અનુષ્ઠાનો કરાવવામાં આવે છે. ત્યારબાદ નવકારશી કરાવવામાં આવે છે. અનુષ્ઠાનોના વૈવિધ્યથી યુવાનો પાઠશાળામાં જકડાઈ રહેતા હોય છે. તેમજ નવા યુવાનો–વડિલો પાઠશાળામાં જોડાવા પ્રેરાય છે.

વર્તમાનમાં દરેક મોટા સંઘોમાં આવી મોર્નિંગ પાઠશાળા શરૂ થાય તે જરૂરી – અતિજરૂરી છે. ઉપરોક્ત ૪ પાઠશાળાના સેંકડો વિદ્યાર્થીઓએ પાઠશાળાના માધ્યમે ૨૦ સૂત્ર કંઠસ્થ કરી લીધા છે. તો કેટલાક વિદ્યાર્થીઓ બે પ્રતિક્રમણ અને પાંચ પ્રતિક્રમણ સુધી પહોંચી ગયા છે.

આશા રાખીએ છીએ, વાચકો પોતાના સંઘમાં આવી પાઠશાળાનો પ્રારંભ કરે.

## પૂજ્યશ્રી પ્રેરિત વિવિધ પ્રવૃત્તિ....

# મોrninગ
PHOTO



પૂજ્ય ગુરુભગવંતોને
વિહાર કરવામાં સહાયક બનતા
વિહાર સેવા ગ્રુપના મેમ્બરો

## મોર્નિંગ મેસેજ

સંકલન : શ્રેણિક શાહ-અમદાવાદ
(મો.) ૦૯૮૯૮૪૯૦૦૯૧

પ્રિય મિત્રો...... પ્રણામ.

પૂ.ગચ્છાધિપતિશ્રી જયઘોષસૂરિ મહારાજ નવસારીથી જાન્યુઆરીમાં વિહાર કરી મે મહિનામાં અમદાવાદ પધાર્યા. ચાર મહિનાના વિચરણ દરમિયાન **પૂ. ગચ્છાધિપતિશ્રી**ના શુભાશિષ અને **પૂ.પં.શ્રી મહાબોધિવિ.મ.**ની શુભપ્રેરણાથી વિહાર સેવા ગ્રુપના ઘણા બધા સેન્ટરો ખુલી ગયા. આપણા કમનસીબે ભરૂચ અસુરિયાના વિહાર દરમિયાન બે નવયુવાન સાધુઓને અકસ્માતમાં આપણે ગુમાવી બેઠા. આ ઘટનાથી ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્રમાં ચોતરફ જૈનોમાં શોક, સહાનુભૂતિ, દાઝની લાગણી ફરી વળી. જ્યાં જ્યાં V.S.G.(વિહાર સેવા ગ્રુપ)ની સેવા ચાલે છે તે ગ્રુપમાં મેમ્બરોની સંખ્યામાં ઉછાળો આવ્યો. જુના ગ્રુપો વધુ સક્રિય બન્યા. **પૂ.આ.શ્રી ભાગ્યેશવિજયસૂ.મ.**ની પ્રેરણાથી પાર્લા-ઈસ્ટમાં અને **પૂ.પં.શ્રી પદ્મદર્શનવિ.મ.**ની પ્રેરણાથી કરજણ ગામમાં નવું V.S.G.નું સેન્ટર ખુલ્યું. તો વલસાડના યુવાનોની પ્રેરણાથી ઉદવાડા અને બિલીમોરાના યુવાનોએ પણ V.S.G.ની સ્થાપના કરી સેવામાં સક્રિય બન્યા. દરેક મોટા સંઘોમાં V.S.G.ની સ્થાપના થાય તે આવશ્યક નહિ, અતિ આવશ્યક છે. આ અંગે જેને વિશેષ માર્ગદર્શન જોઈતું હોય તેમણે યુટ્યુબ પર વિહાર સેવા ગ્રુપ નામે ક્લિક કરવાથી V.S.G.નો વિડીયો જોવા મળશે.

સૂચના : (૧) મોર્નિંગ ન્યુઝનો પ્રથમ અંક આપને મળી ગયો હશે ? ન મળ્યો હોય તો જણાવજો. મળ્યો હોય તો આપનો પ્રતિભાવ-સૂચનો જણાવશો. (૨) આપના કે આપની આસપાસના સંઘોમાં વિહાર સેવા ગ્રુપના સેન્ટરો ચાલતા હોય તો અમને તેમના કેપ્ટન વગેરેના નામ-નંબર સાથે જણાવશો. (૩) આપના સંઘમાં ભાઈઓ માટેની મોર્નિંગ પાઠશાળા ચાલતી હોય તો તેની વિગતવાર માહિતી મોકલાવશો.

**અગત્યની સૂચના : આ વર્ષનું પૂ.ગચ્છાધિપતિશ્રીનું ચાતુર્માસ અમદાવાદ પંકજ સોસાયટી, પાલડી મધ્યે છે. તા. ૧૪ જુલાઇના સવારે ૮-૦૦ કલાકે પૂજ્યશ્રીનો પ્રવેશ થશે.**

વિહાર સેવા ગ્રુપની તમામ શાખાઓના મેમ્બરોનું સંમેલન **ભાદરવા વદ-૧૦, રવિવાર, તા. ૨૯-૯-૨૦૧૩**ના દિવસે રાખવામાં આવેલ છે. સવારે ૭-૦૦ સુધી તમામ મેમ્બરોએ આવી જવાનું રહેશે. નવકારશી અને પૂજા થયા બાદ સવારે ૯-૦૦ થી બપોરે ૩-૦૦ સુધી પૂજ્યોના પ્રવચનો, વિચારણાઓ, તમામ ગ્રુપના રિપોર્ટ્સની જાહેરાત વગેરે કાર્યક્રમો થશે. ત્રણે ટંકની સાધર્મિક ભક્તિ થશે. વધુમાં વધુ સંખ્યામાં તમામ ગ્રુપના મેમ્બરોએ ઉપસ્થિત થવું જરૂરી છે.

**: સૌજન્ય :**
**માતુશ્રી જયાલક્ષ્મીબેન મોહનલાલ હરગોવિંદદાસ શાહ**
**ઘાટકોપર (ઇસ્ટ), મુંબઈ.**

શ્રી,

પ્રકાશક : **શ્રી જિનકૃપા ચેરિટેબલ ટ્રસ્ટ** C/o. કિરીટ ગ્રાફિક્સ
૪૧૬, વૃંદાવન શોપીંગ સેન્ટર, રતનપોળ, અમદાવાદ-૩૮૦ ૦૦૧
(મો.) ૦૯૮૯૮૪૯૦૦૯૧ e-mail : kiritgraphics@yahoo.com